॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ : ૧૨ માર્ચ - એપ્રિલ ૧૯૯૨ અંક : ૫


## વાલીઓને

### પ્રવાસો અંગે થોડું ચિંતન....

શાળાઓ જ્યારે પ્રવાસોનું આયોજન કરે ત્યારે તેનો હેતુ મુખ્યત્વે શૈક્ષણિક જ હોવો જોઈએ. આ બાબત વિશે બેમત ન હોઈ શકે.

આમ છતાં છેલ્લા કેટલાક સમયથી આ હેતુ બિલકુલ સચવાતો ન હોય તેવો અનુભવ થવા લાગ્યો છે, વિશેષે કરીને ઉપરના વર્ગોના પ્રવાસોમાં. ખૂબ જ સંતોષપ્રદ અને માહિતીસમૃદ્ધ પ્રવાસો આયોજનબદ્ધ રીતે થઇ શકયા તેની સફળતામાં તે સમયની સાનુકૂળ પરિસ્થિતિનો લાભ તો મળી જ શકયો પરંતુ સાથે સાથે કર્મઠ કાર્યકરમંડળનું 'ટીમવર્ક' પણ મળ્યું. કાશ્મીર, નેપાલ, મધ્યભારત તેમ જ દક્ષિણભારત અને શ્રીલંકાના પ્રદેશોનું ભ્રમણ આજે પણ એ પ્રવાસીઓના મનમાં રોમાંચ જન્માવે છે. અજમેરથી હૈદ્રાબાદ સુધીનો મિટરગેજ ટ્રેનનો અડતાલીસ કલાકનો સતત પ્રવાસ પણ અનેક શૈક્ષણિક ભૂમિકા પૂરી પાડી શકયો. ન થાક, ન ખોટો ઘોંઘાટ, ન ખોટી માંગણીઓ, એવું વિદ્યાર્થીવૃંદ મળ્યું તે પણ ગૌરવની વાત છે.

'આજે પરિસ્થિતિ બદલાઇ ગઇ છે. જોખમ ઉભા કરે તેવા તોફાનો જોઇ હાયર સેકન્ડરી વિભાગ માટે પ્રવાસનું આયોજન ન કરવું તેવા નીતિવિષયક નિર્ણય લેવો પડયો આમ છતાં એવું જોવા મળ્યું કે આવા પ્રવાસો ન યોજવા પાછળનો તર્ક હજુ વાલી સુધી પહોંચ્યો નથી. આવા નાના જૂથમાં પરસ્પર પરિચિત વાલીઓ આવા પ્રવાસોનું આયોજન કરે તે આવકાર્ય પણ છે. શાળાએ આયોજન ન કર્યું હોય તેવા પ્રવાસોમાં શાળાનાં શિક્ષકો જતાં હોઇ તે પ્રવાસનું આયોજન શાળાએ કર્યું હોય તેવો આભાસ ઊભો થાય છે. આવા પ્રવાસોનું આયોજન શાળાએ નથી કર્યું તેની સ્પષ્ટ સમજ વાલીઓને આપવાની જવાબદારી આવા પ્રવાસોમાં જનાર શિક્ષકોની રહે છે અને તેવી જ રીતે જરૂરી ચકાસણી કરવાની ફરજ વાલીની રહે છે. આવા આયોજનમાં સંસ્થાની કોઇ જવાબદારી રહેતી નથી તેની નોંધ લેવા સૌને વિનંતી છે.

પૂ. કાકાસાહેબ જેવાઓએ પોતાના પ્રવાસ અનુભવો લખીને ગુજરાતની એક પેઢી પ્રવાસના સાચા સંદર્ભ સાથે તૈયાર કરી તો આજે પણ પ્રીતિ સેનગુપ્તા, શ્રી રસિક ઝવેરી કે સ્વામી સચ્ચિદાનંદજી જેવાના પ્રવાસ અનુભવોમાં નવાજ પ્રકારનો સંદર્ભ છે, તે સમજવાની દરકાર કર્યા સિવાય હલકા પ્રકારનાં ફીલ્મીગીતો, જોવાના સ્થળો વિશે કોઇ જાણે લગાવ જ નહીં, કોઇ રસ જ નહીં, કોઇ નોંધ નહીં, તેવી રીતે હરવું, ફરવું તે પ્રવાસ નથી, શૈક્ષણિક પ્રવાસ તો નથી જ અને તેથી શૈક્ષણિક સંસ્થાઓ તેમાં સહભાગી ન જ થઇ શકે તે સ્વીકારવું રહ્યું.

**દિનુભાઈના વંદન.**

## બાળકની ઉપેક્ષા

" બેન, મને ફોન કરી આપોને ! ગાલે ખૂબ દુઃખે છે"

"તો તું સ્કુલમાં કેમ આવી ?"

"બેન મેં તો ના જ કહી હતી. પણ મમ્મીએ દવા આપી અને કહ્યું કે ભણવાનું બગડે એટલે સ્કુલે તો જવાનું જ છે." ને એમ કહેતા તો સુજાતા રડી પડી. બીજા ધોરણમાં ભણતી સુજાતાની આ પરિસ્થિતિ જોતાં મને વિચાર આવ્યો કે આપણે જીવનમાં ઔપચારિક શિક્ષણને કેટલી બધી અગત્ય આપતાં થઇ ગયાં છીએ. કે જેની પાછળ આપણે નથી જોતાં બાળકની તંદુરસ્તી ,બીજા બાળકોની સહી સલામતી કે એ બાળકની માનસિક મૂંઝવણ.

ક્યારેક તો એવું પણ બને છે કે એક જ દિવસમાં પંદરથી વીસ ફોન લાપોટિયું થયું હોય છતાં સ્કુલે મોકલવાને કારણે વાલીઓને કરવા પડે છે. કયારેક અછબડાવાળા બાળકોને સ્કુલમાં મોકલી દેવાયાં હોય, તો વળી કયારેક ઓરી નીકળેલું બાળક સ્કુલમાં આવી ગયું હોય. કયારેક વળી આંખ આવી હોય તો પણ ગોગલ્સ પહેરાવી બાળકને સ્કુલમાં મોકલી આપવામાં આવે છે. લગભગ રોજનાં વીસેક ફોન તો બાળક માંદુ હોય છતાં માબાપ સ્કુલમાં મોકલી દે તેને પાછું મોકલવા માટે કરવાનાં થાય છે. અને સાંજ પડયે સ્કુલ છૂટે પછી ફોન શરૂ થાય બાળકને લેવા ન આવે તેને માટે, પાંચ વાગે શાળા છૂટી હોય, સાડાપાંચ સુધી બાળક કાગનાં ડોળે ઝાંપા તરફ નજર નાંખી મમ્મીની રાહ જોતું બેઠું હોય, પણ મમ્મી ન જ આવે ને ફોન કરું તો જવાબ મળે. " બેન, સોરી હોં.. માણસ ઘેર ગયો છે એટલે હું ભૂલી જ ગઇ.. જાતે લેવા આવવાની ટેવ નથી ને !"

એક મા તરીકે, કે એક વાલી તરીકે બાળક તરફની આ ઉપેક્ષા સેવાતી હું જોઉં છું ત્યારે એવા વાલીને મને પૂછવાનું મન થાય છે, "તમે માંદા હો અને તમને દવા લઇને પણ કામ કરવાનું કહેવામાં આવે તો તમે કામ કરી શકો ખરાં ?. તો પછી આ તો બાળક છે. તમને તમારા બાળક માટે આટલી ય હમદર્દી નથી થતી !..અને ચેપીરોગ લઇને બાળક સ્કુલમાં આવે ત્યારે બીજા બાળકનું શું?.. એક સજાગ નાગરિક તરીકે આપણી કંઇ ફરજ ખરી કે નહીં ?.. અને એ સજાગતા ન હોવાથી જ એક સામટા પંદર સત્તર બાળકો લાપોટિયા લઇને આવે છે. આજની તો લગભગ બધી જ માતાઓ ગ્રેજ્યુએટ હોય છે, શું તેઓ તેમનાં માંદા બાળકને ઘેર એક બે કલાક ભણાવી બાકીનો સમય આરામ આપી જલદી સાજું ન કરી શકે ?.. સ્કુલનાં છ કલાક એ બે કલાક જેટલાં સફળ નિવડી શકે જો મા ધારે તો..પણ માતા તરીકે બાળકની એ જવાબદારી સ્વીકારવી કેટલી માતાઓ પસંદ કરશે એ પણ એક પ્રશ્ન છે..

બાળક એ માબાપનાં હૃદયનો ટુકડો છે અનાયાસે પણ તે ઉપેક્ષાવૃત્તિનો ભોગ ન બને તે આપણે જોવું જ રહ્યું.

**ઉર્મિલા શાહ.**

# શિશુ મંદિરનાં સંભારણા

"શિશુ મટીને, મોટો બનું હું, વિકાસ પામી, વટવૃક્ષ બનું હું"

આ જ મહાત્વાકાંક્ષાથી, હું મારી જીવનરુપી ઇમારતનો પાયો ઘડતો રહ્યો છું, પણ હવે મારે આગળ પ્રગતિ કરવા મારા વ્હાલા શિક્ષકોને છોડવા પડશે. એ વિચારે મારું મન દુઃખ અનુભવે છે, એ શિક્ષકોએ મારા જીવનમાં સંસ્કારનું સિંચન કર્યું છે, તેમણે રોપેલ એ બીજ આજે વૃક્ષ બની પાંગરી રહ્યું છે.

"સિંચ્યા સંસ્કાર જીવનમાં જેણે
તે વાલી સમાન શિક્ષકગણ,
કરુણા અને પ્રેમથી ભર્યો છે
જેનાં હૃદયનો પ્રત્યેક અણું.

શિક્ષકોએ આપેલ એ પ્રેમને હું કદી ભૂલી શકીશ નહીં.

"વારંવાર આવે છે મારા બાળપણની યાદ,
પાયો ઘડી સફળ બનાવી છે જીવનની મુરાદ"

શિક્ષકમાં જ્ઞાન, ક્ષમા અને કરુણાનો ત્રિવેણી સંગમ હોય છે જેને કારણે તે જીવનમાં સાચો રાહ ચીંધે છે આજે એ શિક્ષકોને છોડતાં મન દ્રવિત થઇ જાય છે.

"આપ્યા સંસ્કાર જેણે, આપ્યો જેણે પ્રેમ,
તેવી મહાન વિભૂતિને છોડી શકાય કેમ ?"

**અનુજ શાહ ( ૭ ક )**

શિશુમંદિરનું આંગણું છોડવાની કલ્પના માત્રથી મન ભરાઇ જાય છે. જે મંદિરમાં મેં મારો શૈશવકાળ વીતાવ્યો જે શિક્ષકગણ સાથે સાત સાત વર્ષ વાત્સલ્યનો અનુભવ કર્યો, જેમની પાસે જ્ઞાનનો ભંડાર ભરેલો છે, એ મારા પ્રેમાળ અને લાગણી સભર માતાપિતાતુલ્ય શિક્ષકોને છોડતાં મારી આંખો આંસુથી ભરાઇ જાય છે.

**ઉષ્મા વકીલ (૭ અ)**

ધોરણ ૧ થી ૭ એટલે અમારા ઉછેર માટે બીજું એક નાનકડું ઘર, અને ત્યાંથી વિદાય લેતાં જાણે પોતાનું ઘર છોડતાં દુઃખ થાય એટલું દુઃખ અનુભવું છું. એ શિક્ષકોએ અમને અમારા જીવનમાં જો રાહ ન ચીંધ્યો હોત તો અમે આગળ વધી શકયાં હોત ખરાં ?.

**સૌરીન દેસાઇ (૭ ક)**

શિક્ષકોએ અમને સુકાનની જેમ જીવનનો સાચો રાહ ચીંધ્યો છે. અમારા અવગુણોને ખૂબ મહેનતપૂર્વક સુધાર્યા છે. આવા શિક્ષકોનો ઉપકાર જિંદગીભર કેવી રીતે ભૂલી શકાય ?

**પ્રિયાંગ (૭ ક)**

મને રંગોળી, ચિત્રકામ, વાનગી, ગૃહસુશોભન, ઉદ્યોગ વિ. ઇતરપ્રવૃત્તિઓમાં ઘણો જ આનંદ આવ્યો છે તેનું કારણ શિશુમંદિરમાં થતી આ પ્રવૃત્તિઓ છે તેમાં મને ઘણું જ જાણવાનું અને શીખવાનું પણ મળ્યું.

વિદ્યાર્થીનાં જીવનનાં સર્વાંગી ઘડતર માટે શિક્ષકનો ફાળો ખૂબ મહત્ત્વનો છે. કોઇક શિક્ષકે મારી પ્રશંસા પણ કરી હશે તો કોઇકે મારી ક્ષતિ તરફ પણ ધ્યાન દોર્યું છે ને એટલે જ હું આગળ વધી શકી છું

**પ્રીતિ વૈષ્ણવ (૭ બ)**

અમારે આગળ વધવું છે, પ્રગતિનાં સોપાનો સર કરવાં છે પરંતુ વહાલા શિક્ષકોની માયા છૂટતી નથી. બંને આંખો રડી પડે છે, એક આંખમાં હર્ષના આંસુ છે, જ્યારે બીજી આંખમાં આ વ્હાલસોયા શિક્ષકોને છોડવાનું દુઃખ. સાત સાત વર્ષ જેમની સાથે ગાળ્યાં, જેમનો મીઠો ઠપકો સાંભળ્યો, જેમને હોળીના રંગોથી રંગ્યા, તેમને આમ છોડી દેવાનાં ?..

પણ દુનિયામાં નિયમ છે કે કંઇક મેળવવું હોય તો કંઇક ખોવું પણ પડે.

**હાર્દિક શાહ (૭ ક)**

કવિશ્રી ઉમાશંકર જોષીએ શિક્ષણને વૃક્ષની સાથે સરખાવતાં કહ્યું છે કે પ્રાથમિક શિક્ષણ એ મૂળ, માધ્યમિક શિક્ષણ એ થડ અને ઉચ્ચ શિક્ષણ એ ફળ ફૂલ અને પ્રશાખાઓ છે.

કોઇપણ ઇમારત બનાવતાં તેનો પાયો મજબૂત બનાવવો પડે તેમ વ્યક્તિના ઘડતરનો પાયો તેની બાલ્યાવસ્થા દરમ્યાન શાળામાં ઘડવો પડે છે. પ્રાથમિક શાળાના શિક્ષકોએ અમારા વ્યક્તિત્વનું ઘડતર કરવા ખૂબ મહેનત કરી, તેમણે અમારી માનસિક શારીરિક સામાજિક, સાંસ્કૃતિક અને ભાવાત્મક ઉન્નતિ માટે ખૂબ પ્રયત્નો કર્યાં. શિક્ષકોએ બાળકોનાં 'Heart. Head. Hand. Health ને ધ્યાનમાં રાખી અમને શિક્ષણ આપ્યું, પ્રોત્સાહન આપી અમારી શકિતઓને ફૂલની જેમ ખીલવા દીધી.

**કલગી શાહ (૭ અ)**

શાળા એટલે સંસ્કારભૂમિ, કલાનું મેદાન અને સરસ્વતીની પવિત્ર ગંગા, બાલ્યાવસ્થા એ જીવનનો સુવર્ણયુગ, અને પ્રાથમિક શાળામાં જ જીવનનાં ઘડતરનો સાચો પાયો નંખાય છે. ઇતર પ્રવૃત્તિઓથી ધમધમતું વાતાવરણ, ઉત્સવો અને તહેવારોની ઉજવણી, જ્ઞાન સાથે ગમ્મત, શિક્ષકોની સહૃદતા અને પ્રકૃત્તિનાં પાઠોમાંથી શિક્ષણ મેળવવાની મજા અનેરી જ છે.

**પ્રાચી દાણી (૭ બ)**

એક શિલ્પી આકારવિહીન પથ્થરમાંથી મૂર્તિનું નિર્માણ કરે તેવી જ રીતે શિક્ષકગણ અને આચાર્યશ્રીએ અમારું ઘડતર કર્યું છે. કયારેક મીઠો ઠપકો તો કયારે ક વ્હાલ, અમારામાં સંસ્કાર નીતિ અને નિયમોનું તેમણે જે સિંચન કર્યું છે તે કયારે ય વિસરી નહીં શકીએ.

જિંદગીમાં ન જોયેલા, ન જાણેલાં એવા ઘણા ક્ષેત્રો સર કરવાની તમન્ના છે, અને દુનિયાને કંઇક કરી બતાવવાની મહેચ્છા પણ છે, પણ એ માટે યોગ્યતા પ્રાપ્ત કરવાની શકિત અને પ્રેરણા શિક્ષકગણ પાસેથી મળી છે.

કયારે ય પાછું નથી મળતું એવું
બાળપણ અને એ મહામૂલા વર્ષો,
મા શારદાની ગોદમાં વિતાવ્યાં છે
તેને કેમ કરી ભૂલાશે ?.

**નંદિત રાજા (૭ અ)**

# ઉર્જા બચત દિન

પૃથ્વી પર ઉર્જાનો સૌથી મહત્ત્વનો અને કાયમી સ્ત્રોત સૂર્ય છે. ઉર્જા એટલે શકિત, કુદરતનાં અનેક પદાર્થોમાંથી ઉર્જા પ્રાપ્ત થાય છે, જેવાં કે કોલસો, કુદરતી વાયુ, ક્રૂડ ઓઇલ, આ સિવાય પણ પવન, સમુદ્રનાં મોજાં, તથા અણુના વિઘટનમાંથી પણ ઉર્જા પ્રાપ્ત કરી શકાય છે ઉર્જા વિનાનું જીવન વ્યર્થ છે. ઉર્જા એ જ જીવન.

અનાર પટેલ (૭ અ)

કલ્પના કરી જુઓ કે ઉર્જા ન હોત તો શું થાત ? ઉર્જા એ જીવનનું કેટલું મહત્ત્વનું અંગ છે ? આ ઉર્જાની કિંમત સમજાય તે માટે જ ઉર્જા બચત દિનને દિવસે અમારે માટે ઉર્જા વિહીન વાનગીની સ્પર્ધા યોજાઇ. આ અંગે વિચારવા બેઠી ત્યારે જ ખ્યાલ આવ્યો કે ઉર્જા જીવનમાં કેટલી મહત્ત્વની છે !

અનાર જોષી (૭ અ)

ઉર્જા ખલાસ થઇ જશે ત્યારે માણસને માથે કેટલી મોટી આફત આવી પડશે ? અને એટલે જ અમે ઉર્જા વિના થતી વાનગીઓ બનાવવાનું નક્કી કર્યું. અને ત્યારે જ ખ્યાલ આવ્યો કે બુદ્ધિપૂર્વક જો આવી વાનગીઓ બનાવીએ તો પણ આપણે કેટલી બધી ઉર્જા બચાવી શકીએ !

નિપાંજલી (૭ અ)

આ કાર્યક્રમનાં આયોજનથી જ મને ખ્યાલ આવ્યો કે રસોઇ બનાવતાં મમ્મીને કેટલી મુશ્કેલી પડતી હશે ? આમાંથી અમને સહકાર, એકતા, સ્વચ્છતા વિગેરેના પાઠ પણ શીખવા મળ્યાં.

પ્રિતી વૈષ્ણવ (૭ બ)

સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ ભારતે વિવિધ ક્ષેત્રોમાં હરણફાળે પ્રગતિ સાધી છે. કૃષિવિજ્ઞાનથી માંડીને ઉપગ્રહ સુધી તેણે સિદ્ધિઓ મેળવી છે, અને ધીરે ધીરે કરતાં એ ખજાનો ખૂટવા માંડયો છે. પ્રદૂષણો પર્યાવરણને ભયજનક બનાવી રહ્યા છે, ઉર્જાની બચત ખૂબ જરૂરી બની ગઇ છે અને એટલે જ ઉર્જા વિહીન વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

આ વાનગીઓ બનાવતાં સમય, વસ્તુ, સ્વચ્છતા, વિ.નું ધ્યાન રાખવા સાથે આત્મવિશ્વાસ કેળવાયો અને ચોકસાઇનો ગુણ પણ કેળવાયો અમારી શક્તિઓ અને આંગળીઓને વિવિધ કૌશલ્ય કેળવવાની તક મળી.

પ્રાચી દાણી (૭ બ)

### હાઈકુ

પૂર્વજો કહે
નિસર્ગ એ જ દેવ
ભ્રમ છે બીજો.

મૃત્યુ આવે છે
ખાલી હાથે જાતાં
આત્મા અમર.

અમર શાહ (૯ ક)

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

**પ્રવાસ તા. ૨૨-૨-૯૨** ને શનિવારે બાલમંદિર બ વિભાગે મીની ઝૂની મુલાકાત લીધી તા. ૨૯-૨-૯૨ ને શનિવારે અ વિભાગે તથા ૭-૩-૯૨ને શનિવારે તાલીમ મંડળીના બાળકોએ પણ મીનીઝૂનો પ્રવાસ ખૂબ માણ્યો.

**તા. ૧૪-૨-૯૨** ને શુક્રવારે બાલમંદિર અ વિભાગનાં બાળકો માટે વિશાલા પ્રવાસ યોજાયો. બાળકો ત્યાં ખૂબ ખેલ્યાં કૂદયાં ને આનંદ માણી, ફરકડી લઇ પાછા ફર્યા.

**તા. ૩-૩-૯૨**ને સોમવારે તાલીમ વિભાગની સુલેખન સ્પર્ધા યોજાઇ.

**તા.૧૩-૨-૯૨**ને ગુરુવારે તાલીમનાં બાળકોએ ચિત્ર હરીફાઇમાં ભાગ લઇ મુક્ત મને રંગ અને રેખાઓથી તેમની અભિવ્યક્તિ રજૂ કરી.

**તા. ૨૧-૩-૯૨** ને શનિવારે તાલીમનાં બાળકો માટે રાતવાસો ગાંધીનગરમાં થાય તે રીતે પ્રવાસ યોજવામાં આવ્યો. બાળકો ભજનો અને ગીતોની રમઝટ સાથે આનંદ કિલ્લોલ કરતાં ગાંધીનગર પહોંચ્યાં. ત્યાં બાલક્રિડાંગણમાં મીનીટ્રેન, તથા બોટીંગની મઝા માણી. બપોરે આરામ કરીને ઘોળેશ્વર મહાદેવતથા નવા ફન-વર્લ્ડમાં ફર્યાં. બાળકોએ ત્યાં ખૂબ મઝા કરી. પહેલી જ વખત માબાપથી છૂટા પડયાં હોવા છતાં રાત્રે ખૂબ સરસ રીતે ઉંઘી ગયાં. સૌ બાળકો સવારે હસતાં હસતાં ઉઠયાં, દૂધ નાસ્તો નિત્યક્રમ પતાવી ઇન્દ્રોડા પાર્ક ફરવા ગયાં. કુદરતી વાતાવરણમાં ત્યાં મોર, સસલાં, અજગર, મગર, હરણ વાંદરા, વગેરે જોતાં ખૂબ પ્રસન્ન થયાં ને ત્યાંથી પાછાં ફરી જમીને અમદાવાદ પાછાં આવ્યાં એક્કેય બાળકને કયાંય તેમનાં મમ્મી પપ્પાની ખોટ લાગી નહીં, ને પાછાં ફર્યાં ત્યારે તેમનાં આનંદની કોઇ સીમા ન હતી. બાળકો માટે અને વાલીઓ માટે પણ આ અનુભવ અનેરો હતો.

## શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :-**

**સુગમ સંગીત સ્પર્ધા :- તા. ૧૪-૨-૯૨**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | : | પૂજન ઘોડાદ્રા, | (૬ ક) મેઘનાદ |
| **દ્વિતીય** | : | કિંજલ મહેતા, | (૬ અ) રત્નદીપ |
| **તૃતીય** | : | ઝરણાં શાહ, | (૭ અ) મેઘનાદ. |

નિર્ણાયક તરીકે સેવા આપવા બદલ **શ્રી રૂપલબેન શ્રોફ** તરફ આભારની લાગણી વ્યક્ત કરું છું.

**વકતૃત્વ સ્પર્ધા :- તા. ૧૭-૨-૯૨**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | : | નેહલ શાહ, | (૭ અ) ગંગોત્રી |
| **દ્વિતીય** | : | રૂચિ સોપારકર, | (૬ ક) મેઘનાદ |
| **તૃતીય** | : | રોશની શાહ, | (૭ બ) ગંગોત્રી |

નિર્ણાયક તરીકે સેવા આપવા બદલ **શ્રી સોનલબેન દેસાઇ** તરફ

આભારની લાગણી વ્યક્ત કરું છું.

વર્ષ દરમ્યાન યોજાયેલ સમગ્ર આંતરગૃહ સ્પર્ધાઓમાં નીચે પ્રમાણે ગૃહોએ સ્થાન પ્રાપ્ત કર્યા છે.

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | : | મેઘનાદ | ૨૪૫ ગુણ |
| **દ્વિતીય** | : | ગંગોત્રી | ૨૧૫ ગુણ |
| **તૃતીય** | : | રત્નદીપ | ૧૯૦ ગુણ |
| **ચતુર્થ** | : | ધવલગિરિ | ૧૬૫ ગુણ |

**તા. ૧૮-૨-૯૨** નાં રોજ ઉર્જા બચત દિન નિમિત્તે ઉર્જા વિના તૈયાર થતી વાનગીઓની સ્પર્ધા ધોરણ ૭ માટે યોજવામાં આવી જેમાં

**પ્રથમ : ૭ ક     દ્વિતીય : ૭ બ     તૃતીય : ૭ અ**

વિદ્યાર્થીઓએ ખૂબ રસપૂર્વક વિવિધ વાનગીઓ બનાવી. અને ત્યારે જ ખ્યાલ આવ્યો કે ઉર્જા વિના પણ કેટકેટલી વાનગી બનાવી શકાય છે.

**હોળી ઉત્સવ** :- તા. ૧૭-૩-૯૨નાં રોજ શિશુમંદિરમાં હોળી ઉત્સવ ઉજવવામાં આવ્યો ધોરણ ૧ થી ૪ નાં બાળકોને વિવિધ વક્તવ્યો દ્વારા હોળીપર્વનું માહાત્મ્ય સમજાવવામાં આવ્યું ત્યારબાદ હોળીગીતોની રમઝટ જામી. ધોરણ ૫ થી ૭ નાં વિદ્યાર્થીઓએ પણ હોળી અને વસંતોત્સવનાં ગીતો ભાવવાહી રીતે રજૂ કર્યા. છેલ્લે સૌ વિદ્યાર્થીઓ ગુલાલ અને રંગ વડે ખૂબ આનંદભેર અને ઉત્સાહથી હોળી રમ્યાં ને તેઓએ શિક્ષકોને પણ પ્રેમભર્યા ગુલાલ વડે રંગ્યાં. હોળી ઉત્સવનું અનેરું વાતાવરણ સર્વત્ર જામી ગયું.

**અભિનંદન** :- ધો. ૧ (અ)ના ચિ. **કાર્તિક કે જેટલીએ** તા. ૨૯-૨-૯૨નાં રોજ બીજી ડીસ્ટ્રીકટ ઓકરયુરી કરાટે ચેમ્પીયનશીપમાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો તે માટે અભિનંદન.

ગુજરાત સ્ટેટ રોલર સ્કેટીંગ એસોશીયેશન તરફથી યોજાયેલ ફ્રી સ્કેટીંગમાં **શાહ અન્વી. નિરવભાઇને** (૫ ક) પ્રથમ આવી સર્ટીફીકેટ તથા ચંદ્રક મેળવવા બદલ અભિનંદન.

અમદાવાદ રાયફલ ટ્રેનીંગ એસોશીએશન તરફતી યોજાયેલ તરણ સ્પર્ધામાં ફ્રી સ્ટાઇલ, બ્રેક સ્ટ્રોક, બેક સ્ટ્રોક, બટરફલાય, આ ચારેય સ્ટાઇલમાં પ્રથમ આવી જનરલ ચેમ્પિયન બની સર્ટીફીકેટ તથા ટ્રોફી મેળવવા બદલ **ચિ. આમ્પી કનુભાઇ પટેલ** (૭ ક)ને અભિનંદન.

સ્કુલ ઓફ અર્કિટેકચરમાં બાળકો માટે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં વર્ષ ૬ થી ૮નાં જૂથમાં **ચિ. આત્મજા દેસાઇ** (૨ અ), તથા ૯ થી ૧૨ નાં વયજૂથમાં **ચિ. રવિજા દેસાઇ** (૪ અ)ને આશ્વાસન ઇનામ મેળવવા બદલ અભિનંદન.

તા. ૩૦, ૩૧ જાન્યુઆરીનાં રોજ રાજસ્થાનમાં પાલી મુકામે યોજાયેલ 'સોફટબોલ'ની આંતરરાજ્ય સ્પર્ધામાં પસંદગી પામવા બદલ **વિવેક ભટ્ટ** (૫ અ), **પાર્થ ભટ્ટ** (૪ ક) **ચિંતન જોશી** (૭ ક), **ભૂમિત શાહ** (૭ બ)ને ધન્યવાદ.

ગુજરાત લીઝ ફાઇનાન્સીંગ લિમીટેડ તરફથી યોજાયેલ તત્કાલ ચિત્ર સ્પર્ધામાં **નંદિત રાજા પ્રથમ ઇનામ મેળવે છે તથા અર્પી શાહ અને પ્રિયાંગી મુન્શી આશ્વાસન ઇનામો** મેળવે છે તે માટે તેમને અભિનંદન.

આ માટે શારદા મંદિર, શિશુમંદિરને પણ ટ્રોફી મળેલ છે.

સ્કોલરશીપની પરીક્ષામાં **વ્યાસ ક્ષિતિશ (ધો. ૫)**ને સ્કોલરશીપ મેળવવા માટે અભિનંદન.

## વિનયમંદિર

એસ. એસ. સી. માર્ચ ૧૯૯૨ની બોર્ડની પરીક્ષામાં ધોરણ ૯નાં લગભગ વીસેક વિદ્યાર્થીઓએ અંધ વિદ્યાર્થીઓને 'રાઇટર્સ' તરીકે સેવા આપી તે માટે તેમને ધન્યવાદ.

**પ્રવાસ** :- તા. ૧૩ અને ૧૪ માર્ચનાં રોજ ધોરણ ૯નાં લગભગ ૪૫ જેટલાં ભાઇબહેનોએ કેવડિયા કોલોની, ગરૂડેશ્વર, અમૂલ ડેરી વગેરે સ્થળોનો પ્રવાસ માણ્યો.

**સ્કોલરશીપ** :-

રાજ્ય સરકાર તરફથી લેવાયેલ સ્કોલરશીપ પરીક્ષામાં નીચેના ચાર વિદ્યાર્થી ભાઇબહેનો સ્કોલરશીપ મેળવે છે તે બદલ તેમને ધન્યવાદ.

(૧) દેવલ સોપારકર     (૨) વિરાજ શાહ
(૩) આનન કોન્ટ્રાકટર     (૪) સાત્વિક વ્યાસ

**અભિનંદન** :-

કોરિયન ચિલ્ડ્રન સેન્ટર તરફથી યોજાયેલ ૩૧માં World School Children's Art Exhibition માં વિશિષ્ટ કલાકૃતિ માટે પ્રમાણપત્ર અને ઇનામ મેળવવા બદલ **મિલાપ પાઠને** અભિનંદન.

શ્રી એચ. સી. કપાસી સ્ટુડન્ટસ વેલ્ફેર ટ્રસ્ટનાં ઉપક્રમે યોજાયેલ તત્કાલ ચિત્ર સ્પર્ધામાં તૃતીય ઇનામ મેળવવા બદલ **ધો. ૯ ક નાં કૌલવ ભગત, વિભવ શુકલ, ચિંતન શાહ, અંકિત શેઠને ધન્યવાદ.**

## પાંગરતી પ્રતિભા

**ધોરણ પહેલામાં અભ્યાસ કરતાં ૬ વર્ષનો કાર્તિક જેટલીએ તાજેતરમાં પૂના ખાતે યોજાયેલી ટે-ક્વોન્ડો સ્પર્ધામાં ચંદ્રક મેળવ્યો છે. ૧૯૯૧નાં વર્ષ દરમ્યાન ભાઇ કાર્તિકે છ વાર કરાટે સ્પર્ધામાં ભાગ લીધો હતો અને પાંચ ચંદ્રકો પ્રાપ્ત કર્યા હતાં. ફક્ત સાડાચાર વર્ષની ઉંમરે તેણે ઇન્વીટેશનલ ફર્સ્ટ લેવલ કુંગફૂ સ્પર્ધામાં રજતચંદ્રક મેળવ્યો. સૂરત ખાતે રાજ્ય કરાટે સ્પર્ધામાં તેણે સુવાર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો હતો.. આટલી નાની વયે કરાટેમાં આટલી સિદ્ધિઓ પ્રાપ્ત કરતાં ભાઇ કાર્તિકની ભાવિ કારકિર્દી પણ યશસ્વી નિવડે તેવી શુભેચ્છા.**

**તંત્રી મુદ્રક પ્રકાશક** : . દિનુભાઈ દ. દવે, આચાર્ય અને નિયામક, શારદા મંદિર, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
**મુદ્રણ સ્થળ** : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ - ૩૮૦ ૦૦૭. ફોન : ૪૧૨૭૮૮.